**પ્રા.દયારામભાઈ પી.માહલે**

**મહિલા મહાવિદ્યાલય,વડોદરા.**

**સમાજશાસ્ત્રના વ્યાખ્યાતા**

# કોયતાઓનું સમાજજીવન "સાતત્ય અને પરિવર્તન"

વીસમી સદીના આઠમાં દાયકામાં દક્ષિણ ગુજરાતમાં શેરડી વાવેતરમાં ઉછાળાના પગલે ખાંડના કારખાના ધમધમતા થયા. કારખાનામાં રાત-દિવસ ખાંડ બનાવવાની હરીફાઈ ચાલી, જેને લીધે શેરડી કાપવા માટે હજારોની સંખ્યામાં ખેત મજૂરોની આવશ્યકતા ઉભી થઇ. ૧૯૮૫ના દાયકાને અંતે દક્ષિણ ગુજરાતના ખેત વિસ્તારોના વિકાસ માટે નહેર તથા વીજળીનું આગમન કારણભૂત બન્યું. ખેત ઉત્પાદનમાં ફેરફાર થતા મોટા પ્રમાણમાં મજૂરોની જરૂરીયાત ઉભી થઇ. સુગર ફેકટરીઓ શેરડી કાપવા મજૂરોની ભરતી કરે છે. અને છ-સાત માસ મજુરીનું કામ આપે છે. સુરતથી પૂર્વે આવેલા ખાનદેશમાંથી લગભગ ૭૫૦૦૦ જેટલા મજુરો બારડોલી વિસ્તારમાં શેરડી કટિંગના મૌસમમાં "કોયતા" (કોયતાથી શેરડી કટિંગનું કામ કરતા બે વ્યક્તિ) કોયતા બનાવીને આવ્યા હતા.

બારડોલી સુગર ફેકટરીનું મોડેલ ખેડૂતો અને સરકાર બંનેને ફાવી ગયું. દક્ષિણ ગુજરાતની સુગર ફેકટરીઓમાં ખાનદેશથી અને ત્યારબાદ ડાંગથી આદિવાસીઓ કોયતા તરીકે જોડાયા. તેઓ જ્યાં કામ કરવા જાય છે ત્યાં ઉપર આકાશ નીચે ધરતી તેવું તેમનું જીવન છે. તેઓ અમાનવીય શોષણનો ભોગ બન્યા છે. આ કોયાતાઓના સમાજજીવનના વિવિધ પાસાઓમાં સાતત્ય અને પરિવર્તન જોવા મળે છે.

## કોયતાઓનું સમાજજીવન:-

શેરડી કાપનાર મજુરોને "કોયતા" કહેવામાં આવે છે. શેરડી કાપવા માટે એક કોયતા આપવામાં આવે છે. તેના ઉપરથી કોયતા નામ આપવામાં આવ્યું છે. તેઓ વરસાદ પૂરો થતા ઓકટોબરના અંતથી મજુરો કોયતા બનાવીને આવતા હોય છે. શેરડી કટિંગના કોયાતાઓની ભરતી મુકારદમ દ્વારા થાય છે. લગભગ ૧૯૮૫ના દાયકામાં કોયતા ત્રણ વ્યક્તિનું હતું. જેમાં એક શેરડી કાપે, બીજો તેના પરથી ચીમરી કાઢે, ત્રીજી વ્યક્તિ ભારો બનાવે છે. કોયાતામાં મોટાભાગે એક પુરુષ અને એક સ્ત્રી હોય છે. કોયતાને ટન ઉપર રૂપિયા આપવામાં આવે છે. જેમાં શેરડી કપાવી, તેના પરની ચીમરી કાઢવી, ભારી બનાવવી અને ટ્રક ભરવા સુધીના કામ

આવે છે. તેઓને રોજ પગાર આપવામાં આવતો નથી. શેરડી કટિંગનું કામ પૂરું થાય ત્યારે ચુકવણી કરવામાં આવે છે.

કોયતાઓ ખુબજ કંગાળભરી દશામાં જીવન જીવતા હોય છે. ખરાબ આર્થિક સ્થિતિને કારણે વતન છોડવું પડે છે. કેટલાક તો નાની ઉમરે લગ્નકરી કોયતા બનાવીને આવતા હોય છે. જ્યાં જ્યાં સુગર ફેકટરીઓ આવેલી છે તે વિસ્તારોમાં એક સ્થળેથી બીજા સ્થળે ભટકતા રહેવાનું. ઓછામાં-ઓછા વેતને રાત-દિવસ સૌથી વધુ કષ્ટદાયક કામ કરવાનું અને એ વિસ્તારમાં ગામથી દુર અટુલા રહેતા હોવાથી કદી ચેનથી રહેવાનું થતું નથી. આ વિસ્તારમાં વર્ષોથી વારંવાર આવતા હોય તો પણ પોતાના ઘર જેવું લાગતું નથી. તેઓ ખુલ્લી જગ્યામાં પડાવ નાખે છે. તેમને ઝુંપડી બનાવવા માટે અપાતી સામગ્રીમાં બંબુ, પાલ, પ્લાસ્ટિક, દોરી વગેરે એટલી બધી ઓછી હોય છે કે નાની ઝુંપડી તમામ સભ્યો માટે અપૂરતી સાબિત થતી. જેથી પુરતી જગ્યાના અભાવે ઘણા કુટુંબના સભ્યો ખુલ્લી જગ્યામાં જમીન પર જ એક બીજા સાથે સંકોચાતા જ સુઈ જાય છે. રાંધવાનું કામ પણ આ રીતે ખુલ્લામાં કરવું પડે જેથી ચોમાસા દરમ્યાન ઘણું દુષ્કર સાબિત થતું હોય છે. શેરડી ભરવાની ટ્રક રાત્રે ૧૨ વાગ્યા પછી આવે તો રાત્રે ભાર ઉંઘમાંથી ઊઠીને શેરડી ટ્રકોમાં ભરવી પડતી હોય છે. કોયાતામાં પુરુષ-સ્ત્રી હોવાથી સ્ત્રીએ પુરુષ જોડે આખો દિવસ કામ કરી અને પડાવ પરનું પણ બધું કામ કરવાનું હોય છે.જેમ કે, બાળકોની માવજત કરવાની, રસોઈ બનાવવી, પડવાથી દુર પાણી ભરવા જવું આ રીતે સ્ત્રી બેવડી ભૂમિકા ભજવે છે. આમ માત્ર નોકરી કરતી સ્ત્રીઓ બેવડી ભૂમિકા ભજવે છે એવું નથી કોયતા તરીકે કામ કરતી સ્ત્રીઓ પણ બેવડી ભૂમિકા ભજવે છે. પુરુષ કરતા સ્ત્રીઓ વધુ ખરાબ દશામાં જીવતી હોય છે. તેઓએ ખુલ્લામાં સ્નાન કરવું, બાળકને જન્મ આપતી વખતે સુવિધાનો અભાવ વગેરે સમસ્યાનો સામનો કરતી હોય છે.

કોયાતાઓના પડાવ ઉપર દિવસે માત્ર વૃધ્ધો અને બાળકો જ જોવા મળે છે. ઓછા પૈસે રાત-દિવસ સખત મજુરી કરવી, એક સ્થળેથી બીજા સ્થળે ભટકતા રહેવું, પોષણ યુક્ત આહારનો અભાવ, ઓછું જમવું ખુલ્લામાં રહેવું, રાત્રે મચ્છરો, સાપ, વીંછી વગેરે જીવજંતુઓનો ભય સતાવતો હોય છે. એટલું જ નહિ પરંતુ પીવાના શુદ્ધ પાણી, શૌચાલય, આરોગ્યની સગવડ, શિક્ષણ વગેરે કોઈપણ પ્રકારની સુવિધાનો અભાવ હોય છે. તેઓ નહેર, તળાવ, ઝરણાના પ્રદુષિત પાણીનો વપરાશ કરવાથી અનેક રોગોનો ભોગ બનતા હોય છે. આ રીતે કોયતાઓનું સામાજિક જીવન કષ્ટમય હોય છે.

## કોયાતાઓના સમાજ જીવનમાં સાતત્ય:-

કોયાતાઓના સમાજ જીવનમાં પરિવર્તનની પ્રક્રિયા વચ્ચે અનેક પાસાઓમાં પરંપરાગત રીતે આજે પણ સાતત્ય દ્રષ્ટિગોચર થાય છે. આવું સાતત્ય ભૌતિક અને અભૌતિક સંસ્કૃતિ, તેમનું સમાજ જીવન, રીતરીવાજો, આર્થિક જીવન, માન્યતાઓ, મુલ્ય અને ધાર્મિક જીવનના કેટલાક મહત્વના ક્ષેત્રોમાં જોવા મળે છે. આ ક્ષેત્રો આદિવાસીઓ કે સ્થળાંતરિત આદિવાસીઓની પરંપરાગત અસ્મિતાનું પ્રતિનિધિત્વ કરે છે.

પરંપરાગત શૈલી અને સ્વરૂપ સાથે આર્થિક જીવનના ક્ષેત્રમા સાતત્ય જોવા મળે છે. આર્થિક જીવનના ક્ષેત્રે આદિવાસીઓ આજે પણ મુખ્યત્વે ખેતી સાથે જ સંકળાયેલા રહ્યા છે. પરંપરાથી ચાલી આવેલ ખેતી કરવાની એક વિશિષ્ટ પદ્ધતિ ‘આદર પદ્ધતિ’ તેઓમાં આજે પણ પ્રચલિત છે. પાકની તરાહમાં ખાસ કોઈ ફેરફાર દેખાતો નથી. આજે પણ તેમની ભૌગોલિક પરિસ્થિતિને આધીન નાગલી, વરી અને ડાંગરના પાકો લે છે. આર્થિક ક્ષેત્રે સ્ત્રી-પુરુષ શ્રમવિભાજન જાતિના પાયા પરના ભેદભાવો કે હલકા ભારેના ખ્યાલો આજે પણ આદિવાસીઓમાં ખાસ પ્રવર્તતા નથી. આજે પણ સ્ત્રી-પુરુષ સમાન રીતે કાર્ય કરે છે.

આદિવાસીઓ ગામમાં એકબીજા સાથે રહેતા હોવાથી તેઓમાં ‘અમે પણાની ભાવના’ શહેરી વિસ્તાર કરતા વધુ તીવ્ર હોય છે. તેઓમાં જન્મ, લગ્ન, મૃત્યુ આ ઉપરાંત ખેતીના કામમાં, ઘર બાંધવા વગેરેમાં સહકાર અને સંગઠનની ભાવના પ્રબળ હોય છે. ગામમાં બધા જ લોકો નાતજાત ભૂલીને આ બધા પ્રસંગોમાં અને આર્થિક બાબતોમાં વડીલો, યુવક-યુવતીઓ એકબીજાને મદદ કરે છે.

આદિવાસીઓના સમગ્ર જીવન સાથે નૃત્ય-સંગીત વણાઈ ગયેલ છે. તેમના સંગીત અને મનોરંજનના સાધનો થાળી, પાવરી, ઢોલક, ઘાંગણી વગેરે આજે પણ ટકેલા છે. સામાજિક, ધાર્મિક અને સાંસ્કૃતિક જીવનમાં આ વાદ્યોની અગત્યતા રહેલી હોય છે. એનું મહત્વ એજ સ્વરૂપે જળવાયેલ છે. શૈક્ષણિક, આર્થિક અને ધાર્મિક રીતે વિકસિત કહી શકાય એવા કુટુંબો પણ પરંપરાગત ભૌતિક સગવડો વાપરવામાં હિનાતાનો ભાવ અનુભવતા નથી. તે રીતે પોતાની સાંસ્કૃતિક બાબતો વિશેનું તેમનું દ્રષ્ટિબિંદુ ભુસાયું કે બદલાયું નથી.

આમ, કોયતાઓના સમાજ જીવનમાં સાતત્ય જોવા મળે છે. આજે પણ આ લોકોની આર્થિક પરિસ્થિતિ, સુગર ફેકટરી તરફથી અપાતી સગવડો, શિક્ષણ, આરોગ્યની સગવડ વગેરે ન મળવાને કારણે સમાજ જીવનમાં જાજો સુધારો જોવા મળતો નથી. આજે પણ પરંપરાના કેટલાક તત્વો જેમ કે ધાર્મિક, સામાજિક રીતરીવાજો, સાંસ્કૃતિક મુલ્ય, આજે પણ સ્થળાંતર, બાહ્ય સમાજ સાથેના સંપર્ક આધુનિકતા સામે ટકેલા જોવા મળે છે.

**કોયતાઓના સામાજિક જીવનમાં આવેલ પરિવર્તન:-**

વિકાસ ઘટક યોજનાઓ તથા સ્થળાંતરથી બાહ્ય સમાજના સંપર્કના પરિણામે વધુ મળતર મળે તેવા રોકડિયા પાકોનું વાવેતર કરવાની સભાનતા વિકસતી જાય છે. સ્થળાંતરિત આદિવાસીઓની રોજગારી મળવાને કારણે આવક વધી છે. જેથી તેઓ કપડાની ખરીદી, સારું ઘર બનાવે, ખેતીમાં સુધારો કરે, લગ્ન પ્રસંગે તેમજ અન્ય ઘર ખર્ચ, બજારમાં ખર્ચી, વસની ખરીદી, દવાખાના ખર્ચ, જમીન ભાડે લેવા, બીમારી માટે ખર્ચ, શિક્ષણ વગેરે માટે બચત થયેલ રકમનો ઉપયોગ કરતા થયા છે. જે તેમની આર્થિક પરિસ્થિતિમાં પરિવર્તન આવેલ સૂચવે છે.

હાલમાં સ્થળાંતરના લીધે અન્ય જાતિઓના સંપર્કમાં આવવાને કારણે, કોંકણી અને ભીલ જાતિના લોકો વચ્ચે ખાન-પાનમાં અંતર ઘટ્યું છે. હાલમાં અન્ય જાતિઓની જેમ આધુનિકતાની છાપને લીધે કેટલાક કિસ્સામાં શિક્ષણ અને પ્રેમ સંબંધના કારણે આંતરજાતીય લગ્ન થવાના કિસ્સા જોવા મળે છે. જો કે આદિવાસી સમાજમાં એવા લગ્નને પ્રોત્સાહન આપવામાં આવ્યું નથી. જન્મ વખતે જન્મ કુંડળી બનાવવી, ધાર્મિક વિધિમાં બ્રાહ્મણનું વધતું જતું મહત્વ, કોંકણી અને અન્ય જાતી વચ્ચે જેમાં ખાસ કરીને ભીલ જતી વચ્ચે અંતર ઘટતું જાય છે. સાથે-સાથે ખેતીના કામમાં અને ઘર બાંધવાની બાબતે પણ સહકારની ભાવના ધીરે ધીરે ઓછી થતી જાય છે.

શિક્ષણના વિકાસ અને સ્થળાંતરના લીધે બાહ્ય સમાજના સંપર્ક અને સ્થળાંતરના કારણે તેઓ સવારે ઉઠીને કોલગેટ કે દાતણનો ઉપયોગ કરવા લાગ્યા છે. આ ઉપરાંત સવારે સ્નાન કરવું, ચા પીવું, સારા કપડા પહેરવા, ઘરની સાફ સફાઈ કરવી વગેરેમાં પરિવર્તન આવેલ જોવામળે છે. અત્યારે બહેનો શેમ્પુ કે સાબુમાં વાળ ધોઈ વાળ વ્યવસ્થિત રાખતી જોવા મળે છે. યુવતીઓ હાથપગના નખ રંગવા, મોં ઉપર પાવડર, લાલી લગાવવી, મહેંદી મુકવી વગેરે બાબતોમાં ફેરફારો આવેલા જોવા મળે છે. અત્યારે યુવક-યુવતીઓ રાત્રે મોટાભાગે ટેલીવિઝન જોવાનું કે ટેપરેકોર્ડર ઉપર ગીતો સાંભળવાનું વલણ જોવા મળે છે. આજની બહેનો પહેલાની જેમ વહેલી ઉઠતી નથી. કારણ કે આજે ગામોમાં ઈલેકટ્રીક કે ડીઝલ ઘંટી આવવાથી તેના પર અનાજ દળવું, ડાંગર કાઢવું, ચટણી વાટવાનું કરે છે. આ ઉપરાંત અન્ય લોકોના સંપર્કમાંથી રહેણીકરણીના નવા મુલ્યોની અસર હેઠળ આવેલા હોય તેવા ઘરોમાં નવી જરૂરીયાત મુજબ આધુનિક ફર્નીચર વિકસાવવાનો ખ્યાલ વિકસ્યો છે. જેમ કે, ખાટલામાં બજારમાંથી મળતી તૈયાર પટ્ટી અને કાથાના દોરીથી ભરેલા ખાટલાનો ઉપયોગ કરે છે. આ ઉપરાંત લાકડા કે સ્ટીલના કબાટ, પલંગ, ટેબલ, લાકડા કે પ્લાસ્ટિકની ખુરશી, સ્ટુલ અથવા ટિપોઈ, વાસણ મુકવા લાકડાની ઘોડી, અન્ય વસ્તુ મુકવા લાકડાની પેટી વગેરેનો ઉપયોગ પણ શરુ થયો છે.

સ્થળાંતરના કારણે કુટુંબની આર્થિક સ્થિતિ સુધરતા અને નવી જરૂરીયાત પરત્વેનું આકર્ષણ અને રહેણીકરણીની ઢબમાં પરિવર્તન સૂચવે છે.

વર્તમાન સમયમાં સ્થળાંતરના લીધે અન્ય સમાજ સાથેના સંપર્ક, શિક્ષણ, સ્ત્રીઓ માટેની અનામત વ્યવસ્થા, બંધારણ વગેરેએ સ્ત્રીના સામાજિક સ્થાન પર અસર કરી છે. સ્ત્રીઓ ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જીલ્લા પંચાયતમાં ઉમેદવારી કરી સત્તામાં ભાગીદારી મેળવી છે. કેટલાક ધાર્મિક પ્રસંગોમાં ભાગ લેતી થઇ છે.

**સંદર્ભ:-**


૧.જાન બ્રેમન: મૂડીવાદી ઉત્પાદન અને ગ્રામ મજૂરોનું પરિભ્રમણ.

૨.પટેલ અર્જુન અને કિરણ દેસાઈ: ગ્રામીણ ગુજરાતમાં શ્રમ સ્થળાંતર.

૩.ડો.ચંદ્રકાંત ઉપાધ્યાય: આદિવાસી પરંપરા અને પરિવર્તન.

૪.ગુપ્તા રમણિક: સંપાદક: આદિવાસી વિકાસ સે વિસ્થાપન.